# આજે ગાંધીનગર ટાઉનહૉલમાં ‘હું આત્મકથા છું’ નાટક ભજવાશે

ગાંધીનગર, તા. ૨૭
સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર અનો ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ‘હું આત્મકથા છું’ નાટકનું આયોજન શુક્રવારે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્કૃતિ સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલે જણાવ્યું છે કે તા. ૨૮ ડિસેમ્બરના રોજ રાત્રે ૮.૧૫ કલાકે ટાઉનહૉલ ખાતે યોજાઈ રહેલા આ નાટકનું દિગ્દર્શન રક્ષિત વસાવડા દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં રક્ષિત વસાવડા ઉપરાંત હર્ષિત ઢેબર, હિતાર્થ ભટ્ટ, દેવર્ષ ત્રિવેદી અને ક્રિષ્ના પટેલ પોતાનો અભિનય આપી રહ્યાં છે.

આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા ઉપરાંત મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણ, સંસ્કૃતિ પરિવારના પરાગ શુક્લ, ગગુભા રાજ અને કલ્પેશ ભટ્ટ ઉપસ્થિત રહેશે.

સંસ્કૃતિ સંસ્થાના સભ્યો અને આમંત્રિતોને ગુજરાતી ભાષાનાં આત્મકથા લખાયાનાં ૧૫૧ વર્ષ નિમિત્તે રંગમંચ પર પ્રથમવાર એકસાથે પાંચ વ્યક્તિત્વ - નર્મદ, મણિલાલ ત્રિવેદી, મોહનદાસ ગાંધી, ક મા મુનશી, ચંદ્રકાન્ત બક્ષીની આત્મકથાના અંશોનું મંચન માણવા માટે તેમના દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની વિદ્યાર્થિનીઓ રમતોત્સવમાં ઝળકી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની વિદ્યાર્થિનીઓએ શનિવારે પૂ. છગનભા રમતોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, જે પૈકી કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ, લાંબીકૂદ સ્પર્ધામાં પ્રતમ, ૧૦૦ મીટર દોડમાં બીજો, સ્કેટિંગ સ્પર્ધામાં ત્રીજો વિજેતાક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધા માટે વિદ્યાર્થિનીઓને હંસાબેન અને હેતલબેન દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થિનીઓને આચાર્ય નીરૂબેન પટેલ દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### જીસીઈઆરટી અને જિલ્લા શિક્ષણ-તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા

# એજ્યુકેશન ઈનોવેશન ફેર યોજાયો



ગાંધીનગર, તા. ૨૭
જીસીઈઆરટી અને જિલ્લા શિક્ષણ-તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા ચોથા એજ્યુકેશન ઈનોવેશન ફેરનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લાના શિક્ષકોએ શાળામાં બાળકો માટે કરેલા નવતર પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા.

ધણપ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક વિજયાલક્ષ્મી પટેલ દ્વારા ડિજીટલ ઓનલાઈન ક્વિઝનો પ્રયોગ પણ આ ઉપક્રમમાં પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

સામાજિક વિજ્ઞાન જેવા વિષયમાં બાળકોનું દ્રઢીકરણ થાય તેમજ તે માટે વાલીઓનો સહયોગ મેળવી શકાય તે માટે સામાજિક વિજ્ઞાનના પ્રશ્નોની ક્વિઝ તૈયાર કરવામાં આવી છે અને આ ક્વિઝના ક્યુઆર કોડ બનાવી બાળકોનાં પાઠ્યપુસ્તકોમાં લગાવવામાં આવ્યા છે, જેથી બાળકો ઘેરબેઠાં વાલીઓના સહયોગથી મોબાઈલ ફોનમાં ક્વિઝ રમી પોતાના જ્ઞાનનું દ્રઢીકરણ કરી શકે.

આ ઈનોવેશન ફેસ્ટીવલમાં એનસીઆરટીના નિયામક સેનાપતિ, જીસીઈઆરટીના નિયામક ડૉ. ટી એસ જોષી, તાલીમ ભવનના પ્રાચાર્ય આઈ વી પટેલ, સિનિયર લેક્ચરર અને ઈનોવેશન સેન્ટરના કન્વીનર કે એસ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના શિબિરનો આરંભ

ગાંધીનગર, તા. ૨૭
મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજનાનો પ્રારંભ આજથી મજરા, તા. પ્રાંતિજ ખાતે થયો છે.

બીજી જાન્યુઆરી સુધી ચાલનારા આ શિબિરમાં ગાંધીજીનું પુસ્તક ગ્રામસ્વરાજ કેન્દ્રસ્થાને રહેશે. રાષ્ટ્રીય સેવા યોજનાની નિયમિત પ્રવૃત્તિઓ - ગ્રામસફાઈ, શ્રમકાર્ય, સૂત્રલેખન ઉપરાંત આ શિબિરમાં બૌદ્ધિક પ્રવૃત્તિને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ગ્રામ સ્વરાજના જુદા-જુદા મુદ્દાઓ પર વિદ્યાર્થીઓ જૂથચર્ચા કરશે અને એની રજૂઆત કરશે. આ વિદ્યાર્થીઓને અધ્યાપકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

નિમિષાબેન શુક્લ, ધારા વધાડિયા, પ્રવીણ દુલેરા, સુરેશભાઈ વગેરે દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવશે. જાણીતા કાર્યકર અનિલભાઈ પટેલ દ્વારા અંધશ્રદ્ધા નિવારણનો કાર્યક્રમ પણ ગ્રામજનો માટે યોજવામાં આવ્યો છે. રોજ રાત્રે અને અંતિમ રાત્રિએ ગ્રામજનો માટે પણ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં પ્રોગ્રામ ઓફિસર તરીકે કનુભાઈ વસાવા અને વિક્રમસિંહ અમરાવત રહેશે, જ્યારે શિબિર સંચાલક મોતીભાઈ દેવું રહેશે. ઉપરાંત દિવ્યેશ ભટ્ટ, જ્યોતિબેન લાંબા, વાસંતીબેન સહાયકો તરીકે ઉપસ્થિત રહેશે.

## ગાંધીજીની વાણી


- ખુશી ત્યારે મળે છે જ્યારે તમે જે વિચારો છો, જે કરો છો એ સામંજસ્યમાં હોય.
- ત્યારે જ બોલો જ્યારે તે મૌનથી બહેતર હોય.
- એ બદલાવ તમારા પોતાનામાં લાવો, જે તમે દુનિયામાં જોવા માગો છો.
- કામની અધિકતા નહીં, અનિયમિતતા માણસને મારી નાખે છે.
- માણસ પોતાના વિચારોથી જ બને છે, એ જે વિચારે છે એવો જ બની જાય છે.
- જો તમે કંઈ જ નહીં કરો તો તમને કોઈ જ પરિણામ નહીં મળે.
- દુનિયામાં એવા લોકો છે, જે એટલાં ભૂખ્યાં છે કે ભગવાન એમને રોટલી સિવાય બીજા કોઈ સ્વરૂપમાં દેખાઈ શકતો નથી.
- આ મારો દેશ છે, આ તારો દેશ છે... કેવળ સંકિર્ણ માનસિકતાવાળા લોકો જ આવું વિચારે છે. બાકી ઉદાર આત્માઓ માટે તો પૂરી દુનિયા એક પરિવાર છે.
- જે કામ તમે જાતે કરી શકો છો એ બીજા પાસે ન કરાવશે.
- જીવો તો એવી રીતે જીવો કે કાલે મરવાનું છે અને શીખો તો એવી રીતે શીખો કે હંમેશાં જીવતા રહેવાનું છે.



- આંખ સામે આંખ એવી બદલાની ભાવના એક દિવસ સમગ્ર વિશ્વને અંધ બનાવી દેશે.
- એક વિનમ્ર રીતથી તમે સમગ્ર દુનિયાને હલાવી શકો છો.
- તમારે માનવતામાંથી વિશ્વાન ન ગુમાવવો જોઈએ. માનવતા એક સાગરની જેમ છે. સાગરના કેટલાક બૂંદ ખરાબ છે તો આખા સાગરને ખરાબ ન માની શકાય.




- તમે મને સાંકળોમાં બાંધી શકો છો, યાતના આપી શકો છો, એટલે સુધી કે તમે આ શરીરને નષ્ટ કરી શકો છો, પણ તમતે ક્યારેય મારા વિચારોને કેદ નહીં કરી શકો.
- જિંદગી શૂન્યથી શરૂ થઈ શૂન્ય પર વિરાલ લે છે, હું શૂન્ય બની જવા ઈચ્છું છું.
- આપણી જિંદગીમાં જો જવાબદારીઓ અને જોખમો ન હોય તો જિંદગી કદી પણ જીવવા યોગ્ય ન હોત.
- ચિંતા સમાન શરીરને નાશ કરવાવાળું બીજું કંઈ નથી, જેને ઈશ્વરમાં થોડો પણ વિશ્વાસ છે એને કોઈપણ જાતની ચિંતા કરવાની જરૂરત નથી.
- ભારતની દરેક ચીજ મને આકર્ષિત કરે છે. ભારતમાં એ બધું જ છે જે માનવીને પોતાની ઉચ્ચતમ આકાંક્ષાઓની પ્રાપ્તિ માટે અપેક્ષિત હોય.
- જરા જેટલું અસત્ય પણ માણસનો નાશ કરે છે. જેમ એક ટીપું ઝેર આખા દૂધના તપેલાનો નાશ કરે છે.
- બધાં જ માણસોની જરૂરિયાત માટે જે છે તે પૂરતું છે, પણ એક જ માણસના લોભ માટે તો આ બધું અપૂરતું જ છે.
- તર્ક કેવળ બુદ્ધિનો વિષય છે, હૃદયની સિદ્ધિ સુધી બુદ્ધિ પહોંચી શકતી નથી, જેને બુદ્ધિ માને પણ હૃદય ન માને તે વસ્તુ ત્યજ્ય છે.
- ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઈશ્વરને અને સત્યને ઓળખીએ.
- સામા પક્ષને ન્યાય કરવાથી આપણને ન્યાય વહેલો મળે છે.
- અધમણ વિચાર કરતાં અઘોળ (દસ ગ્રામ) આચરણ સારું.
- આત્મવિશ્વાસનો અર્થ છે પોતાના કામમાં અતૂટ શ્રદ્ધા.
- મૃત્યુ અલ્પવિરામ છે, પૂર્ણવિરામ નહીં.
- તમે ગમે તેટલા રામનામના જાપ કરો, પણ જો એનાથી આત્મામાં ભાવનો સંચાર ના થાય તો વ્યર્થ છે.
- અહિંસાનો અર્થ છે અનંત પ્રેમ. તેનો અર્થ છે કે કષ્ટ સહેવાની અનંત શક્તિ.
- જેનામાં નમ્રતા નથી આવતી તેઓ વિદ્યાનો સદુપયોગ નથી કરી શકતા. નમ્રતાનો અર્થ અહમભાવનો અત્યંત ક્ષય છે.
- સત્ય એક વિશાળ વૃક્ષ છે. જેમ જેમ એને આપણે સિંચતા જઈશું તેમ તેમ એમાં અનેક ફળો આવતાં નજર આવશે, જેનો કોઈ અંત જ નહીં હોય.
- ભૂલ કરવી એ તો પાપ છે જ, પરંતુ એને છુપાવવી એ તો એનાથીય મોટું પાપ છે.
- ઠોકર લાગે છે ને દર્દ થાય છે ત્યારે જ માણસ શીખે છે.
- કેટલાંક લોકો સફળતાનાં સ્વપ્નો જુએ છે અને કેટલાંક જાગીને સખ્ત મહેનત કરવા લાગી જાય છે.
- જ્યારે પણ તમારો સામનો કોઈ વિરોધી સાથે થાય, એને પ્રેમથી જીતી લો.



### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત શ્રી માણેકલાલ એમ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સીઝ એન્ટ રિસર્ચના મેથેમેટીક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા

# રાષ્ટ્રીય ગણિત દિવસની ભવ્ય ઉજવણી કરાઈ







ગાંધીનગર, તા. ૨૭
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત શ્રી માણેકલાલ એમ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સીઝ એન્ટ રિસર્ચના મેથેમેટીક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા તાજેતરમાં રાષ્ટ્રીય ગણિત દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના વિદ્યાર્થીઓએ સમગ્ર ડિપાર્ટમેન્ટને આકર્ષક રીતે શણગાર્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મેથેમેટીક્સ ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. મનીષા અત્રીએ રામાનુજનના જીવન પર પ્રોત્સાહક વક્તવ્ય આપ્યું હતું.

આ પ્રસંગે એમએસસી (આઈટી)ના હેડ ડૉ. ભદ્રેશ પંડ્યાએ હાજરી આપીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

વિદ્યાર્થીઓ દ્વારા ગણિત વિષયને લગતી વિવિધ રમતોનું આયોજન કરી ગણિત વિષયને સરળ અને રસપ્રદ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઝે ગણિત વિષય પર ખૂબ જ અસરકારક રીતે પોતાનાં વક્તવ્યો આપ્યાં હતાં. આ પ્રસંગે મેથેમેટીક્સ ડિપાર્ટમેન્ટના તમામ ફેકલ્ટીઝે દરેક પ્રવૃત્તિમાં ભાગ લઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સંસ્થાના બીએસસી અને એમએસસીના વિદ્યાર્થીઓએ ગણિતને લગતાં પોસ્ટર્સ અને રંગોળી બનાવી કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવ્યો હતો. અંતમાં જે વિદ્યાર્થીઓ રમતમાં વિજેતા થયા હતા તેમને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે એમએસસી સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે બુધવારે

# ગાઈડેડ મેડિટેશન વિશે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું



ગાંધીનગર, તા. ૨૭
‘સ્વપરિવર્તનથી વિશ્વ પરિવર્તન’ના મુખ્ય લક્ષ્યનો સાકાર કરવા અધ્યાત્મ અને શિક્ષણનો સમન્વય થવો જરૂરી છે તે માટે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય વિશ્વમાં સક્રિય છે. આ ઉદાત્ત હેતુની સિદ્ધિના ઉપક્રમે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે બુધવારે ગાઈડેડ મેડિટેશન વિશે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલ પતિ ડૉ. કે એસ લિખિયા, કુલસચિવ ડૉ. કમલામણી આર રાવ, નાણાં અને હિસાબી અધિકારી આર જે શાહ, અધ્યાપકો, સ્ટાફ તથા યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ, સગર્ભા માતાઓ અને શિશુ પરામર્શન કેન્દ્રનાં માતાઓ તેમનાં બાળકો સહિત ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, મુંબઈથી માઈન્ડ મેડિટેશન નિષ્ણાત ચિન્મયા જોશી, ઓમ શાંતિ સંસ્થામાંથી કૃપલબેન તથા તેમનો સ્ટાફ હાજર રહ્યો હતો.

માઈન્ડ મેડિટેશન નિષ્ણાત ચિન્મયા જોશીએ પોતાના વક્તવ્યમાં મનના સંકલ્પબળ દ્વારા કેવી રીતે ઈચ્છિત પરિણામ મેળવી શકાય તે પ્રવૃત્તિના નિદર્શન દ્વારા સમજાવ્યું હતું. બાળપણથી જ આપણા સૌના પ્રોગ્રામિંગ થયેલા મનને કઈ રીતે ધ્યેયપ્રાપ્તિ માટે ક્રિયાશીલ બનાવી શકાય તેની સમગ્ર પ્રક્રિયા રજૂ કરી હતી. ડૉ. લિખિયાએ વ્યક્તિના ચાર અંતઃકરણ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારના ઘડતરની પ્રક્રિયા ખૂબ જ મહત્ત્વની છે તે જણાવી તેમાંથી નકારાત્મક વિચારોને હકારાત્મક વિચારોમાં કેવી રીતે પરિવર્તિત કરવાં તે અંગેની વાત તેમના પ્રાસંગિક વક્તવ્યમાં રજૂ કરી હતી.

આસી. પ્રૉફેસર ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન આસી. પ્રૉ. ડૉ. રૂપમબેન ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

# પૂ. છગનભા રમતોત્સવમાં જે બી પ્રાથમિક શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૨૭
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓના સ્થાપક પૂજ્ય છગનભાની સ્મૃતિમાં કડી ખાતે પૂજ્ય છગનભા વિજયપદ્મ પારિતોષિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે બી પ્રાથમિક શાળાના ૧૨ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આ પૈકી સાહિલ પારુભાઈ હઠીલાએ ૧૦૦ મીટર દોડમાં તૃતિય, યુવરાજ કિરીટસિંહ ઝાલાએ કરાટેમાં તૃતિય, પૃથ્વીરાજ દિપકભાઈ રાણાએ સ્કેટીંગમાં તૃતિય અને આદિત્ય શિવરામભાઈ ચૌધરીએ વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. આચાર્ય નીવાબેન પટેલે શાળા પરિવાર વતી આ વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# પૂ. છગનભા રમતોત્સવમાં સી એમ હાઈસ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૨૭
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પૂ. છગનભા રમતોત્સવમાં શેઠ સી એમ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લઈને વિવિધ રમતોમાં વિજેતાક્રમ પ્રાપ્ત કર્યા હતા. માધ્યમિક વિભાગમાં ૧૦૦ મીટર દોડમાં દર્શન પટેલ દ્વિતિય, લાંબી કૂદમાં રજનીશ સાગઠીયા દ્વિતિય, કરાટેમાં વિરલ ભાવસાર તૃતિય, ટેબલ ટેનિસમાં માહિન ગાંધર્વ પ્રથમ, રાઈફલ શૂટિંગમાં પવનકુમાર ચૌધરી તૃતિય, સ્કેટિંગમાં કરન રાઠોડ દ્વિતિય, નિબંધ સ્પર્ધામાં કુશલ પટેલ તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા. સિનિયર વિભાગમાં વક્તૃત્વ સ્પર્ધામાં ક્રિના પટેલ, બેડમિન્ટનમાં જીલ પટેલ દ્વિતિય, રાઈફલ શૂટિંગમાં પ્રિયલ ચૌધરી તૃતિય અને ૧૦૦ મીટર દોડમાં ઋચિતા ચૌધરીએ તૃતિય વિજેતા ક્રમ મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.